## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૧

### સલામી સવારની..

ઉઠ્યો'તો વિરોધનો વંટોળ, હાંસી થઇ ગઇ!
પડી અહેવાલની ઝાકળ, વાત વાસી થઇ ગઇ!
ખાંસી થઇ કાયદાને, દાસી થઇ ગઇ કોર્ટો -
ન્યાય મળવાની ઇચ્છાને જ ફાંસી થઇ ગઇ!
(ફાંસીની 'ભલામણ' જ નથી કરી)

### હાઇકુ

સચવાયો છે,
માત્ર ટીવી-રડિયે -
રાષ્ટ્રીય પ્રેમ!
(કોઇના હૃદયમાં નથી!)

સ્વતંત્રતા ને -
આવી છે વૃધ્ધાવસ્થા
ત્રેસઠ પૂરાં..
(વયોવૃધ્ધ નેતાજીઓ)

## ચિંતન

**યે જાતે વ્યસને નિરાકુલધિયઃ સંપત્સુ નાભ્યુન્નતાઃ પ્રાપ્તેનૈવ પરાંગમુખાઃ પ્રણયિનિ પ્રાણપ્રયોગૈરપિ ।**
**હ્રીમન્તઃ સ્વગુણ પ્રકાશવિધાવન્યસ્તુતૌ પંડિતાસ્તે ભૂમંડલ મંડનૈકતિલકાઃ સંતઃ કિયન્તો જનાઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સજ્જન પ્રશંસા' નો આ શ્લોક છે :

'દુખ કે આપત્તિ આવી પડે છતાંય જેમની બુધ્ધિ આકુળ-વ્યાકુળ થઇ વિચલિત થતી નથી, અને ધન-સંપત્તિ પ્રાપ્ત થયા પછી પણ જે બહેકીને ઉછ્રૃંખલ થઇ જતા નથી, પોતાના સંગ-સ્નેહી-મિત્રો માટે જે ન્યોછાવર થઇ જવા તત્પર રહે છે અને પ્રાણ આપવા પડે તો પણ પાછું વળી જોતા નથી. વળી આવા ગુણીજન હોવા છતાં આત્મશ્લાઘા દ્વારા કદી પણ પોતાના યશનું ગુણગાન કરતા નથી, અર્થાત્ મૌન રહીને જ સદાચરણ કરતા જ રહે છે, પણ જો બીજા કોઇને થોડો કે નાનો સદ્‌ગુણ હોય તો વિશેષ કરીને પંડિતની વિદ્વતા ઉમેરીને તેના વખાણ કરતાં અચકાતા નથી.'

આવા સજ્જન-સદાચારી-સદ્‌ગુણી લોકો આ પૃથ્વીમંડળની સાચી શોભા છે.

સજ્જન લોકો ધીર-ગંભીર, સુખ-દુખમાં વિવેકપૂર્ણ વર્તન કરનારા, મૌન સેવાભાવી અને કદરદાની હોય છે. આવા સજ્જન લોકો દુર્લભ છે વિરલ હોય છે.

## સુવિચાર

- ચારિત્ર્ય માટીના વાસણ જેવું છે એકવાર પડ્યા પછી કંઇ જ શેષ રહેતું નથી - **જેમ્સ સ્પીનર**
- ચારિત્ર્યથી બુધ્ધિ આવે બુધ્ધિ હોય ત્યાં ચારિત્ર્ય હોય જ એ નક્કી નથી- **પિટસસન**
- ચારિત્ર્યનું નિર્માણ કરવું એ જ જીવનનું પરમ લક્ષ્ય હોવું જોઇએ - **જ્ઞાનાનંદજી**
- વિચાર કરતાં આચાર શ્રેષ્ઠ છે, સદાચારથી ચારિત્ર્યનું ઘડતર થાય છે- **ચૈતન્ય સ્વામી**
- ચારિત્ર્યહીન, ખોખલાં, ઉંધઇથી ખવાઇ ગયેલાં વૃક્ષ જેવો છે કયારે તેનું પતન થઇ જાય એ નક્કી નહીં - **વિવેકાનંદ**
- માણસની મોટી જરૂરિયાત શિક્ષણ નહીં પણ ચારિત્ર્ય છે - **હર્બટ સ્પેનસર**
- વ્યક્તિ ચારિત્ર્યથી જ સમાજનું સુયોગ્ય ઘડતર થાય છે - **ચૈનિંગ**

## બોધ કથા

સંસારમાં પડ્યા પછી સુખની શોધ માટે કાવા-દાવા, ખટપટો-સંસાર-બાળકો એને પણ સુખી થવા માટે, ગોઠવી દેવાની ચિંતા, આ ચક્ર ચાલ્યા જ કરે છે, એમાં વળી કયારેક 'સ્મશાન વૈરાગ્ય' આવી જાય તો ધર્મ-પુણ્ય-મુક્તિ યાદ આવી જાય પણ જાય!

એક મોટા પરિવારવાળા પુત્રો-પુત્રી-પૌત્રો-દોહિત્રો-જમાઇઓ-બહેનો-ભાઇઓ - બધાં હતાં પણ તેમને બધાંને કોઇની સાથે વાંધા-ખટપતો હતી કોઇને ઇર્ષા માટે કોઇને સ્વભાવ માટે.. શેઠ ખૂબ ફરિયાદો સાંભળી સાંભળી ત્રાસી ગયા હતા.

એકવાર શેઠ રામકૃષ્ણ પરમહંસ પાસે પહોંચી ગયા અને પુત્રો-જમાઇઓ વચ્ચેના કંકાસની વિગતે વાત કરી. રામકૃષ્ણ પણ સાંભળી ત્રાસી ગયાં... અંતે શેઠે પૂછ્યું, સ્વામીજી મને આમાંથી મુક્તિ કયારે મળશે?!

સ્વામીજી આસન પરથી ઊભા થયા અને ખંડમાં છાપરાનાં ટેકા રૂપ થાંભલો હતો, તેને ભેટીને પકડી લીધો.

શેઠ તો આશ્ચર્યપૂર્વક આ ક્રિયા જોઇ જ રહ્યા.

પરમહંસ કહે જોઇ શું રહ્યા છો? મને આમાંથી છોડાવો!

સંત રામકૃષ્ણ તરત આસને આવી બેઠા અને કહ્યું શેઠ તમારી મુક્તિનો જવાબ તમે જાતે જ આપી દીધો..

શેઠ સંકોચ સાથે પરમહંસને પગે લાગ્યા.

# જેને 'વાડ'માં નથી રહેવું પણ 'વાડા' કુદાવી વિશાળ જનસમુદાયમાં એકરસ થવું છે તેવી ફાતિમાની હૃદયસ્પર્શી કથા

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

એક સર્જકની માઇન્ડ વર્કશોપ તો કયારેય બંધ થતી નથી. કયાંક જોયેલું, કયાંક સાંભળેલું, કયારેક મનમાં ઉગી નીકળેલું એમ બધી બાજુથી તેનાં મનમાં હથોડાઓ ટિપાયા કરતા હોય છે અને ઘાટ ઘડાતા હોય છે. એમાંથી કયારેક સંઘેડા ઉતાર કૃતિ નીપજી આવે તો વળી કોઇ પણ કાચાપાકા, આકારોના ટુકડાઓ મનની ભીંતર પડ્યા પછી કોઇ નવી કૃતિ રચાતી હોય ત્યારે આપોઆપ તે પ્રગટતા રહે, અને તેના નવા સર્જનમાં ગોઠવાતા રહે.

એવું જ કંઇક 'વાડ' નામે ઇલા આરબ મહેતાની નવલકથામાંથી પસાર થતાં લાગ્યા વિના રહેતું નથી. કારણ કે લગભગ ૨૮૫ પાનાંની આ નવલકથામાં લેખિકાએ જે વાત રજૂ કરી છે, તે સાંપ્રત બનાવો, ઇતિહાસના પુસ્તકો દ્વારા પ્રાપ્ત માહિતીઓનાં વાચન અને એક ચોક્કસ વર્ગ પ્રત્યેનું વલણ વિગેરેથી પ્રભાવિત લેખિકાના મનમાં પડી રહેલ વ્યથાને વિતક રૂપે રજી કરવાની મથામણ આપણને જોવા મળે છે. તે અંગે લેખિકાએ પોતાના વ્યથિત દિલની વાત પહેલાં તો 'છેલ્લો શોટ' નામે ટૂંકી વાર્તા લખીને કહેવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેનાથી તેમને સંતોષ ન થતાં વિશેષ કંઇક લોકો સુધી પહોંચાડવાની એક સર્જક પ્યાસ હતી તેના પરિણામ સ્વરૂપ બસો - અઢીસો પાનાનાં વ્યાપમાં વિસ્તારથી વાત કરવા માટે નવલકથાનું સાહિત્ય સ્વરૂપ તેમણે પસંદ કર્યું.



આ નવલકથા લખવા માટે તેમની સામે થોડા પડકારો જરૂર હતા. જોકે કોઇ પણ ધર્મની નિંદા, હાંસી કે ખામીઓ લખવાનો તો સવાલ જ ન હતો.પણ પડકાર હતો સ્થળ, કાળ અને પાત્રોનો, આ કથા ફાતિમાની, કઇ ફાતિમા? શિયા કે સુન્ની? દાઉદી કે આગાખાની? સંપ્રદાયોનો ઉલ્લેખ કહે તોં કથા વાદવિવાદમાં ફસાઇ જાય તેથી ફાતિમાને ફાતિમા જ રાખી છે.

કયું સ્થળ? ચોક્કસ સ્થળ અને કાળનો ઉલ્લેખ નવલકથામાં આવશ્કય છે, સમય? કયો સમય? તલવરની ધાર જેવો પ્રશ્ન, ગોધરાકાંડ પહેલાનો કે પછીનો? ફ્રી એજ નિર્ણય. લેખિકાને વાત બે ઘટનાઓની નથી કરવી તેનો તો કંઇક જુદું કહેવું છે. તેવું જ શહેરની બાબતમાં પણ છે. કયા શહેરમાં આવું બન્યું? કયો બિલ્ડર?

લેખિકાને નવલકથા લખવા માટે જે ઝબકાર, જે તણખો જોઇતો હતો તે શરીફા વીજળીવાળાના એક લેખમાંથી મળી ગયો જેમાં વિશાળ સમૃધ્ધ શહેરમાં એક સિંગલ મુસ્લિમ સ્ત્રી પર શોધવાની મથામણ કરે છે.

કોઇ પણ સ્થલ કે કાળનો ઉલ્લેખ જરૂરી હતો, તેમની સામે વાર્તાનું મુખ્ય પાત્ર ફાતિમા હતી. તે સુશિક્ષિત, સ્વમાની, મજહબના સાચા મર્મને પિછાણનારી, જેના એક હાથમાં પવિત્ર કુરાન હતું અને બીજા હાથમાં જે ધરતી પર જીવી રહી છે તેમાં અન્ય ધર્મગ્રંથો, જ્ઞાન વિજ્ઞાનનાં, પ્રેમ અને શાંતિના પયગામ આપતાં પુસ્તકોનો વારસો હતો. તે વિવિધ કર્મો, વિવિધ ભાષાઓ, વિવિધ રીતિરીવાજોવાળા સમાજની એક ગૌરવવંતી નાગરિક બનીને ઊભી છે. તેને 'વાડા'માં નથી રહેવું પણ 'વાડા' કુદાવીને વિશાળ સમુદાયમાં એક રસ થવું છે. તેના અંતરની ભાવના કઇ રીતે પ્રગટ કરવી તેની મથામણ લેખિકાને બહુ કરવી પડતી નથી કારણ કે તેમાં તેમને પોતાના બાલ્યકાળનાં સ્મૃતિ ચિત્રો કામે લાગ્યા છે. જે કયાંક ને કયાંકથી કોઇક રીતે જોડાતું આવે છે અને તેમાંથી એક શિલ્પ ઘડાય છે.

ગામડામાંનો ધર્મ બધાના ઘરમાં ઉંબરાની અંદર જ રહેતો હોય છે. ગણેશ ચોથે લાડવા અને ઇદનાં દિવસે ખીર બને છે એ વાત મને એકવાર મારા મુસ્લિમ સાથી નૂર મહંમદભાઇએ ખુબ જ વ્યથા સાથે કરેલી. થોડાં વર્ષો પૂર્વે તેઓ પણ ગાંધીનગરમાં અને આજુબાજુમાં વિકસી રહેલી સોસાયટીઓમાં મદાન શોધવા નીકળેલા ત્યારે જે અનુભવ થયેલો તેની વાત આજે આ નવલકથા વાંચતા તાદૃશ્ય થઇ આવી. ત્યારે થયું કે લેખિકાએ જે લખ્યું છે તેમાં અનુભવોનો નિચોડ તો છે જ પણ સાથે સાથે આજની વરવી વાસ્તવિક્તાનું પણ દર્શન તેમણે કરાવ્યું છે. વળી આ નવલકથાની સર્જન પ્રક્રિયા અંગે પ્રસ્તાવનામાં લેખિકાએ પોતે કરેલ અભ્યાસની પણ વાત વિગતે કરી છે. જેમાં અને ૧૮૫૧માં પ્રગટ થતાં, 'જગત પહેલી' નામના સામયિકમાંથી મળેલ 'પારસીઓનો ઇતિહાસ' તંત્રી લેખો, શહેનશાહ અકબરના ધર્મની વાત, હિંદુ મુસલમાનનાં વચ્ચેનાં ઘર્ષણો, ભારતનો ઇતિહાસ ભણતા ભણતા લેખિકાને સમજાયું કે કઇ રીતે ઇસ્લામના પ્રચાર અર્થે ભારત ભૂમિ પર આક્રમણો થતાં રહ્યાં, નાગરિકો હણાયા, બળજબરી પૂર્વક તેમનાં ધર્માંતરો થતા, બ્રિટિશરોના પગરણ પછી મોગલ શાસન અસ્ત થયું. ભારતના ભાગલાં વખતનાં અત્યંત ઘાતકી રમખાણોનો ઇતિહાસ, કેરન આર્મસ્ટ્રોંગનું પુસ્તકનું પુસ્તક 'હિસ્ટ્રી ઓફ ગોડ' અને વર્નર કેલરનું 'બાઇબલ એઝ એ હિસ્ટ્રી' તેમજ એમ.જે.અકબરનું 'ઇન ધ શેડો ઓફ ધ સોર્ડ', બોમ્બ બ્લાસ્ટનાં અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનાં હુલમાંના પુસ્તક દ્વારા લેખિકાને મુસ્લિમ ધર્મનો ઉદય, વિસ્તાર અને તેમની માનસિકતાનો જે પરિચય થયો તેનો પ્રભાવ એક યા બીજી રીતે અહીં ઝીલાયો છે. છતાં એક મૌખિક અને અનુભવ સિધ્ધ હકીકતો ને કોઇ પણ પ્રકારના વાદવિવાદ કે અંગત દૃષ્ટિકોણ ને કારણે કોઇ સમાજની સંવાદિતાનો ભંગ થાય તેની પુરતી કાળજી લઇ લેખિકાએ સુંદર નવલકથા આપી છે.

'વાડ' નવલકથાના લેખિકા ઇલા આરબ મહેતાનો જન્મ તા. ૧૬-૬-૧૯૩૮માં મુંબઇ ખાતે થયો હતો. તેમનું વતન જામનગર છે. તેથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે ત્યાં મેળવ્યું હતું. એમ.એ. સુધીનો અભ્યાસ ધરાવતાં લેખિકા મુંબઇની સેંટ ઝેવિયર્સ કોલેજના નિવૃત્ત અધ્યાપક છે. તેમણે લખેલ નવલકથાઓ, નવલિકાઓ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, મહારાષ્ટ્ર રાજય, ગુજરાતી સાહિત્ય અકાદમી, અને ભગીની નિવેદિતા પારિતોષિકથી પોંખાયેલ છે. તેમણે ૧૮ જેટલી નવલકથાઓ આપી છે. તેમાં 'વાડ' એક વિશિષ્ટ પ્રકારની નવલકથા છે. એક ખુબ જ સંવેદનશીલ વિષયની આ નવલકથાને પ્રગટ કરવા બદલ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને લેખિકાઓનીઆ કૃતિને અભિનંદન સહ આવકારૂં છું.

**વાડ : (નવલકથા)**
**લેખિકા : ઇલા આરબ મહેતા**
**પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧**
**પાનાં : ૨૮૬, કિંમત : રૂા. ૧૮૦/-**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧**

# એક મા તરીકે કસ્તુરબાને એમનાં વંઠેલા દીકરાની સામે આ પત્રમાં કેવો વાત્સલ્યનો કોરડો વીંઝ્યો છે!

**હું રસ્તે રઝળતી વારતા**
**- અચના પટેલ**

ચિ. હરિલાલ,

મારા સાંભળવામાં આવ્યું છે કે, થોડાક વખત ઉપર મદ્રાસમાં મધ્ય રાત્રીએ જાહેર માર્ગ ઉપર દારૂના કેસમાં તોફાની વર્તણૂંક ચલાવવા માટે પોલીસે તને પકડ્યો હતો, અને બીજે દિવસે મેજિસ્ટ્રેટ સમક્ષ ઊભો કરવામાં આવતાં એમણે તને એક રૂપિયાના દંડની સજા કરી હતી. તારા પ્રત્યે આટલી બધી દયા બતાવી એ પરથી જણાય છે કે એઓ બહુ જ ભલા માણસો હોવા જોઈએ. તને આટલી નાની સજા કરવામાં મેજિસ્ટ્રેટોએ પણ તારા પિતા પ્રત્યેનો એમનો સદ્‌ભાવ બતાવી આપ્યો. પરંતુ આ બનાવની વિગત સાંભળ્યા પછી મને તો ઘણું જ દુઃખ થયા કરે છે. હું જાણતી નથી કે એ રાતે તું એકલો હતો કે તારા કોઈ મિત્રોની સાથે હતો. પરંતુ તારૂં એ વર્તન તો ખરેખર જ ઘણું જ અઘટિત હતું.

તને શું કહેવું એની મને સૂઝ પડતી નથી. કેટલાંક વર્ષો થયાં હું તો તને તારા પોતાના જીવન પર અંકુશ રાખવાની વિનવણી કરતી આવું છું. પણ તું તો દિવસે ને દિવસે વધારે ને વધારે બગડતો જાય છે. હવે તો મારે જીવવું પણ ભારે થઈ પડ્યું છે. તારા માતાપિતાને તું તેમના જીવનની સંધ્યાએ કેટલું દુઃખ આપી રહ્યો છે, તેનો તો જરા વિચાર કર.

તારા બાપુજી કોઈની પણ આગળ આ બાબતમાં જરાય બોલતા નથી. પંરતુ તારા વર્તનથી થતાં આઘાતો વડે તેમનું હૃદય ચૂરેચૂરા થઈ જાય છે. અમારી લાગણીને માર વારંવાર દુભાવવામાં તું મોટું પાપ કરી રહ્યો છું. અમારે ત્યાં પુત્ર તરીકે જન્મીને તું દુશ્મનની જેમ વર્તી રહ્યો છે.

મારા સાંભળવામાં આવ્યું છે કે, હમણાં હમણાં તું તારા બાપુની બહુ ટીકા અને નિંદા કરવા માંડ્યો છે. તારા જેવા બુધ્ધિશાળી પુત્રને આ છાજતું નથી. તારા બાપુજીની નિંદા કરવામાં તું પોતે જ ઉઘાડો પડે છે એનું તને જરાય ભાન નથી. એમનાં હૃદયમાં તારે માટે પ્રેમ સિવાય બીજું કશું જ નથી. તું જાણે છે કે ચારિત્ર્યની શુધ્ધતાને તેઓ બહુ જ અગત્ય આપે છે. પરંતુ આ સલાહને તે જરા પણ ગણકારી નથી. અને છતાં પણ એમને તો તને પોતાની સાથ રાખવાની, તારી ખોરાકી અને કપડાંલત્તા પૂરાં પાડવાની અને તારી માવજત કરવાનીય માગણી કરી છે. પણ તું હંમેશાં કૃતઘ્ની જ રહ્યો છે? આથી વધારે બીજું એ તારે માટે કરી શકે એમ નથી. એઓ પોતાની આ કમનસીબી માટે માત્ર શૉક જ કરી શકે. ભગવાને એમને બળવાન ઈચ્છાશક્તિ આપી છે. એમના જીવનની ઉમેદ પૂર્ણ થવા માટે ઈશ્વર એમને જોઈએ તેટલું દીર્ઘાયુષ આપો. પરંતુ હું તો નિર્બળ વૃધ્ધ સ્ત્રી છું, અને તું જે માનસિક વ્યથા ઉત્પન્ન કરે છે તે સહન કરવા અશક્ત છું.

તારા બાપુને દરરોજ અનેક લોકો તરફથી તારા વર્તન વિશે ફરિયાદ કરતા પત્રો મળે છે. આ સઘલી બદનામીના કડવા ઘુંટડા એમને પી જવા પડે છે. પરંતુ મારા માટે તો તે એકે સ્થાન જવા જેવું રાખ્યું નથી. શરમની મારી, હું મિત્રો કે અજાણ્યાઓની વચ્ચે હરીફરી શકતી નથી. તારા બાપુજી તો તને હંમેશા ક્ષમા આપ્યા જ કરે છે, પરંતુ પરમેશ્વર તારૂં વર્તન સાંખી લેશે નહીં.

મદ્રાસમાં તો તું કોઈ આબરૂદાર અને પ્રતિષ્ઠિત વ્યક્તિને ત્યાં મહેમાન તરીકે ઊતર્યો હતો. પરંતુ તેનું ઘર છોડીને રસ્તા પર આવું ગેરવર્તન ચલાવીને તેમની મહેમાનગતીનો તે દુરૂપયોગ કર્યો છે. તે તારા વર્તનથી તેમને કેટલી ભોંઠપ લગાડી હશે?

દરરોજ સવારમાં જાગું છું, ત્યારે હૃદયમાં એવી ફાળ પડે છે કે રખે ને વર્તમાનપત્રમાં તારા કોઈ નવા ગેરવર્તન વિશે તારા સમાચાર આવ્યા હોય. હું ઘણી વાર વિચાર કરૂં છું કે તું કયાં હોઈશ? કદાચ તું નિષિધ્ધ પદાર્થો પણ ખાતો હોઈશ. આવા આવા અનેક વિચારોથી અનેક રાતો સુધી ઊંઘ પણ નથી આવતી. તને મળવાનું મને ઘણીવાર મન થઈ આવે છે. પરંતુ તું કયાં મળી શકે તેની જ મને તો ખબર નથી. તું મારો પહેલો ખોળાનો દીકરો છે. અને તારી ઉંમરેય પચાસ વર્ષની થઈ છે. કદાચ મારૂં પણ માનભંગ કરે એ શંકાએ તારી પાસે આવતાંય મને ડર લાગે છે.

તારો બાપીકો ધર્મ તો શા કારણથી બદલી નાખ્યો તે હું જાણતી નથી. એ તારી પોતાની અંગત બાબત છે પણ હું સાંભળું છું કે તું નિર્દોષ અને અજ્ઞાન લોકોને તારે પગલે ચાલવાની સલાહ આપી રહ્યો છે. તારી પોતાની મર્યાદાનું તને કયારે ભાન થશે? ધર્મ વિશે તને જ્ઞાન કેટલું? તારા બાપુજીના નામને લીધે લોકો તારાથી આડે માર્ગે ભોળવાઈ જશે. ધર્મપ્રચાર કરવાને તું લાયક નથી. તું તો પૈસાનો દાસ બની ગયો છે. જે લોકો તને પૈસા આપે છે તે તને ગમે છે પણ તું તો દારૂ પાછળ પૈસા વેડફી મારે છે. અને પછી વ્યાસપીઠ પરથી ભાષણો કરે છે. તું તને પોતાને અને તારા આત્માને હણી રહ્યો છે. તું આ પ્રમાણે જ કર્યા કરીશ તો વખત જતાં બધા જ તારાથી દૂર ભાગશે. તેથી શાંતપણે વિચાર કરી તને હું તારી આ મૂર્ખતા છોડી દેવા વિનંતી કરૂં છું. તારો ધર્મપલટો મને ગમ્યો નહોતો. પણ છતાંય તારૂં જીવન સુધારી દેવાના નિર્ણય વિશે તે જે નિવેદન કર્યું હતું તેથી સંતોષ માન્યો હતો, અને હવેથી તું ઠરેલ જીવન ગાળીશ એ વિચારે અંદરખાનેથી હું રાજી પણ થઈ હતી. પરંતુ મારી આ આશા પણ ધૂળમાં મળી ગઈ છે. થોડા જ વખત ઉપર મુંબઈમાં તારા કેટલાંક જૂના મિત્રો અને શુભેચ્છકોએ તને, આગળના કરતાં પણ વધારે સ્થિતિમાં જોયો હતો. તું જાણે છે કે તારા વર્તનથી તારા પુત્રને કેટલું દુઃખ થાય છે? વળી, તારા આ વિચિત્ર વર્તનથી ઉપજતાં શોકને ભારો ઉપાડવાનું તારા દીકરી જમાઈઓને માટે વધારે ને વધારે કઠણ બનતું જાય છે.'

**- લિ. કસ્તુરબા**

આ પત્ર એક માતાએ એનાં વંઠેલ પુત્રને લખેલો પત્ર છે. કસ્તુરબા ઓછું ભણેલાં હોવા છતાં જીવનનું વિજ્ઞાન એમનાં કોઠે વસેલું હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને પણ કસોટીની વેળાએ આ કાઠિયાવાડી બાઈએ સાચું માર્ગદર્શન કરેલું છે. આપણી યુવા પેઢીએ બીજું કંઈ ન વાંચી શકીએતો પણ ગાંધીજીની આત્મકથા જરૂર વાંચવી જોઈએ. એક અત્યંત સાધારણ યુવાન સત્યની હોડી લઈને પોરબંદરથી નીકળે છે. એ હોડીને અહિંસાનાં હલેસા વડે હંકારે છે, અને સાત સમુંદરે પાર આખી દુનિયાને પ્રેમનાં શસ્ત્ર વડે મહાત કરે છે. એક સાધારણ યુવકમાંથી આખી શહસ્ત્રાબ્દીના યુગ પુરૂષ તરીકે પ્રસ્થાપિત થવામાં મોહનદાસ કરમચંદ ગાંધીને બે સ્વજનો અને ત્રણ મહાપુરૂષો તે ટૉલ્સટૉય, રસ્કીન, અને રાજચંદ્ર. બે સ્વજનો તે માતા પૂતળી બાઈ અને જીવન સંગિની કસ્તુરબા.

કસ્તુરબાને બાપુના જોરજુલ્મ કરતાં વધારે પીડા એમના લાડકા દીકરાના વંઠી જવાથી થઈ હતી. આખરે બીજું કંઈ પણ હોવા પહેલાં

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૮મી જાન્યુઆરી**

- લાલા લજપતરાયનો જન્મદિન - ૨૮-૧-૧૮૬૫.



રાષ્ટ્રીય શિક્ષણ આપતી શાળા-કોલેજો સ્થાપવામાં, પંજાબ નેશનલ બેંકનાં સ્થાપક, અસહકારના આગેવાન, મહાન દેશભક્ત, અનેક ચરિત્રાત્મક ગ્રંથો લખ્યાં.

- ૧૯૫૦ - સવારે ૯-૪૫ સ્વતંત્ર ભારતની પ્રથમ સુપ્રીમ કોર્ટની સ્થાપના.
- ૧૮૬૩ - લેખક મણીલાલ ઝવેરીનો જન્મ.
- ૧૫૪૭ - વિદ્વાન-દૂરંદેશી ઇંગ્લેન્ડના રાજા હેન્ની-૮નું અવસાન.



- ૧૫૫૬ - મોગલ બાદશાહ હુમાયુ સીડી પરથી લપસી પડતા મૃત્યુ.

# હું જાઉં છું, જઉં છું, ત્યાં આવશો કોઈ નહીં, સો સો દીવાલો બાંધતાં, ત્યાં ફાવશો કોઈ નહીં

**સમન્વય**
**- અમિત રાવલ**

એક એવો માનવી જેની જિંદગીમાં ખૂબ નાની વયે બહુ મોટા તોફાનો સર્જાયા. આ તમામ વચ્ચે તેણે પોતાની ઉમદા પતિ, શ્રેષ્ઠ પ્રેમી, ઉચ્ચકોટીનો પ્રજા વાત્સલ્ય રાજવી તરીકેની અલગ અલગ ભૂમિકામાં પોતાનું સારામાં સારૂ આપવા પ્રાયાસો કર્યા. તેણે રાજવી હોવા છતાં પણ કયારેય પોતાના અંગત સ્વાર્થ માટે પોતાના વિચારો બીજા પર કયારેય થોપ્યા નથી. રાજધર્મ પણ એવી રીતે નિભાવ્યો છે કે આજે પણ તેની સુવાસ પથરાયેલી છે. પોતાના અંગત જીવનમાં પ્રણય ત્રિકોણને કારણે સર્જાયેલા ભયાનક તોફાનને ખાળવાના પ્રયાસમાં આ લાગણીશીલ રાજવીએ બહુ મોટા આંચકા સહ્યા. માત્ર ૨૬ વર્ષની નાની વયે આ બધાથી દૂર ચિર નિદ્રામાં પોઢી ગયેલા આ રાજવીએ પ્રણયના પથા પર પોતાના પત્ની અને પ્રેમિકાને હંમેશા સરખા ચાહ્યા છે. જ્યાં તેણે ભૂલો કરી છે તેણે પોતાના દરેક કાવ્યોમાં તે વાગોળી છે.

દિલ આગળ દરેક જણા મજબૂર છે. આ રાજવી, કવિ અને પ્રેમીનો ત્રિકોણીય ભૂમિકા જેમણે નિભાવી છે તેવા સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલની આજે ૧૩૯મી જન્મ જયંતિ છે. સુરસિંહજી તખ્તસિંહ ગોહિલ એટલે કલાપી. એક એવું નામ જેણે સાહિત્યક ક્ષેત્રે ઉત્તમ યોગદાન આપ્યું છે. ખૂબ નાની જિંદગાની સફર હોવા છતાં પણ બહુ મોટી ભૂમિકા નિભાવી છે. વિવાદોના વમળોમાં હંમેશા પિસાતા રહેલા કલાપીએ જે રચનાઓ કરી તે અદ્‌ભૂત છે. તેઓએ રાજકોટની રાજકુમાર કોલેજમાં પાંચ સુધીનો અભ્યાસ કર્યો. ત્યારબાદ કેટલાક અગમ્ય કારણોસર શિક્ષણ છોડ્યું. પોતાના પિતાજી અને મોટાભાઈના અવસાનને કારણે ખૂબ જ નાની વયે તેમના શિરે લાઠીની જવાબદારી આવી.

૧૮૮૯માં પોતાનાથી સાતેક વર્ષ મોટા કચ્છના રાજબા સાથે લગ્ન કર્યા. જેઓનું નામ રમા રાખવામાં આવ્યું. સૌરાષ્ટ્રના કોટડાના કુંવરી આનંદબા સાથે ૧૮૮૯માં વિવાહ કર્યા. તેઓની પત્નિ રમા સાથે એક દાસી મોંઘી લાઠી આવ્યા હતા. કલાપી રમાને અત્યંત પ્રેમ કરતા હતા. કલાપી પોતાની પત્ની રમા સાથે આવેલી દાસી મોંઘીના નિકટ રહેવાને લીધે તેમના સંબંધોમાં વધુ નિકટતા આવી. આ નિકટતા એ અત્યંત ગાઢ પ્રેમનું સ્વરૂપ ધારણ કર્યું. આ પ્રણયથી હડકંપ મચી ગયો. કલાપીના જીવનમાં જીવનમાં મોંઘીનું આગમન કેટલાય વિવાદો સાથે લઈ આવ્યું. રમાને જયારે આ વાતની જાણ થઈ ત્યારે તેઓના અંગત જીવનમાં કલેહ વધ્યો. મોંઘી જેમનું નામ પાછળથી શોભના રાખવામાં આવ્યું હતું. કલાપીના જીવનમાં ઉત્પન્ન થયેલો આ પ્રણય ત્રિકોણે કલાપીને હચમચાવી મૂક્યો. આ રાજવી રાજયની બીજી



બાબતોને બદલે પોતાના અંગત જીવનને સુલેહમાં વલખા મારવા લાગ્યો. પ્રમનો નશો પણ એવો હોય છે કે તેને કશું દેખાતું નથી. રમાએ કલાપી અને શોભનાને અલગ કરવાના આશયથી ખલાસ નામના યુવક જોડે શોભનાને પરણાવી. શોભનાને અત્યંત દુઃખ થયું. કલાપી પણ દુઃખી બન્યા. શોભનાનું ખાલસની સાથેનું લગ્નજીવન સુખમય નહોતું. જ્યારે શોભનાની તબિયત અત્યંત નાજૂક બની ત્યારે તેણે કલાપીને એક પત્ર લખ્યો. આ પત્ર વાંચી કલાપી તેને મલવા પહોંચ્યા. તેની પરિસ્થિતિ જોઈ તેને પોતાની સાથે પરણવા માટે નક્કી કર્યું. આ બાજુ રમાને સમજાવવાના અથાગ પ્રયત્નો બાદ પણ રમા ટસની મસ થવા તૈયાર નહોતી.

કલાપીએ ભગ્નહૃદયે પોતાના ગુરૂ મણિલાલ દ્વિવેદીને મદદ અર્થે એક પત્ર લખ્યો. જેમાં તેમણે પોતાની પતિ, પ્રેમી અને રાજવી તરીકેની બાબતોનો ઉલ્લેખ કર્યો. તેમાં તેમણે લખ્યું કે ગમે તેવા ભવ્ય પણ વ્યર્થ સ્વપ્નોનો આદમી છું. કાંઈ નિરાકરણ, કાંઈ અંત- નિરાશામાં ગમે તેમ પણ લાંબા વર્ષોની આશાનો હવે નિકાલ? તેને માટે રમા અને હું બંને બહુ દિવસોથી આતુર છીએ. રમાને આ શિર પર લટકતી તલવાર બહુ અસહ્ય લાગે છે. તે બહુ ઉદાસ રહે છે. તેની અને મ્હારી પોતાની ઉદાસીનું મ્હારા હૃદમાં કાંઈ દર્દભર્યું મિશ્રણ ધોળાયા કરે છે. મને કશા ઉધમમાં રસ પડતો નથી. મારી જિંદગી એક મોટા બોઝારૂપ થઈ ગઈ છે. શોભાના સાથેના મારા લગ્નથી રમા મારી સાથે નહી રહી શકે તે તેનો નિર્ણય છે. મારા બાળકો અને મારાથી જુદા થશે? રમા ભલે જુદી થાય. તે શોભાનાથી ડરે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)